દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

ચક્ષુદાન
મહાદાન

# ૧૩મો
# વાર્ષિક અહેવાલ
# ૨૦૨૨-૨૩









**જે લોકોમાં દયાભાવ નથી, તેમનુ જીવન વ્યર્થ છે.**
**અન્ય લોકોનું ભલુ કરવાથી આપણું ભલુ થાય છે**
**- અજ્ઞાત**

# દિવ્યજ્યોતિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

## તેજસ આંખની હોસ્પિટલ :

- ૧૦૦ બેડની ક્ષમતા ધરાવતી આંખની હોસ્પીટલ
- અત્યંત આધુનિક સાધનોથી સુસજ્જ
- આંખના રોગો જેવા કે કીકીના રોગ, પડદા, ઝામર, બાળકોની આંખના રોગો, કોન્ટેક્ટ લેન્સ ક્લીનીકની દૈનિક સારવાર અને અન્ય રોગો માટે નિયમિત રીતે વિઝીટીંગ નિષ્ણાંત ડૉક્ટર દ્વારા સારવારની પ્રવૃત્તિ કરતુ ટર્શીયરી આઈ કેર સેન્ટર.
- કુલ ઓપરેશન પૈકી ૭૫ ટકા ઓપરેશન તદ્દન મફત અને આદિવાસી પૈકી ૯૦ ટકાની સારવાર તદ્દન મફત
- ક્લીનીકલ અને એપીડેમીયોલોજીકલ રીસર્ચ

## નેત્રજ્યોતિ તાલીમ કેન્દ્ર

- ડૉક્ટર્સ માટે લાંબા ગાળાની તાલીમ
  - કોમ્પ્રીહેન્સીવ ઓપ્થેલ્મોલોજી (૧ વર્ષ)
  - રેટીના, કોર્નીયા, ગ્લોકોમા અને પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજી (૧.૧/૨ વર્ષ)
- ડૉક્ટર્સ માટે ટૂંકા ગાળાની તાલીમ
  - એસઆઈસીએસ-(૨ માસ), ફેકોઈમલ્સીફીકેશન (૧ માસ), મેડીકલ રેટીના (૨ માસ), ગ્લોકોમા ઓબ્ઝર્વરશીપ (૧ માસ)
- પેરામેડીકલ વર્કરની તાલીમ
  - દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ - ૪ વર્ષનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ
  - વિઝન ટેકનીશ્યન અને ઓપ્થેલ્મીક નર્સીંગ તાલીમ - ૧ વર્ષનો કોર્ષ
  - ચશ્મા ફીટીંગ - ૨ માસની તાલીમ
  - ઓપરેશન થીયેટર ટેકનીશ્યન કોર્ષ - ૩ માસની તાલીમ
- એડમીનીસ્ટ્રેટીવ અને અન્ય તાલીમ - ૧ માસ
  - કેમ્પ ઓર્ગેનાઈઝરની તાલીમ - ૧ માસ
- નેટવર્કીંગ અને કન્સલ્ટન્સી
- પર્યાવરણલક્ષી અભિગમ
- ક્ષેત્રીય કામગીરી
  - ૩૫ લાખની વસ્તીને આવરી લેતા ૧૨૫ કિમી ત્રિજ્યા વિસ્તારમાં અઠવાડિયે ૨ નિદાન કેમ્પ
- શાળાએ જતા બાળકોની આંખની તપાસ - વર્ષે લગભગ ૧૫,૦૦૦ બાળકોની તપાસ
- ટ્રક ડ્રાઈવર્સની આંખોની તપાસ - વર્ષે ૩૦૦૦ ટ્રક ડ્રાઈવર્સની તપાસ
- રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી - નવજાત શિશુના પડદાની તપાસ અને સારવાર - સુરત, તાપી, નર્મદા અને નવસારી જિલ્લાના ૬૦૦ થી વધુ બાળકોની દરવર્ષે તપાસ
- નેત્રંગ અને ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર પર આંખની સારવાર - સરકારશ્રી સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ
- વ્યારામાં સી.વી.શાહ આંખની હોસ્પીટલનું સંચાલન
- આઠ વીઝન સેન્ટર્સ - ઉમરપાડા, ડેડીયાપાડા, સાગબારા, ઉચ્છલ, બારડોલી, કીમ, કોસંબા અને ખાપર-ટેલીમેડીસીનની સુવિધા સહિત.
- અંધજન પુનર્વસન કાર્યક્રમ - માંડવી, ઉમરપાડા, માંગરોલ અને વ્યારા તાલુકામાં પૂર્ણ કર્યા
- અંધ બાળકો માટે સંકલિત શિક્ષણ - માંડવી, ઉમરપાડા અને માંગરોલ તાલુકામા બ્રેઈલ શિક્ષણ સહિત.
- અંધ બાળકોની હોસ્ટેલ (૧૨ વર્ષ સુધીના બાળકો માટે)

શુભેચ્છક શ્રી,

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો ૧૩ મો વાર્ષિક રીપોર્ટ આપની સમક્ષ મૂકતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.

સુરત જીલ્લાના માંડવી મુકામે ૪૦ પથારીની આંખની હોસ્પિટલ શરૂ કર્યાને જોતજોતામાં મે ૨૦૨૩ ની ૨૨ મીએ ૧૨ વર્ષ પુરા થયા. જે આપણી સંસ્કૃતિ મુજબ ૧ તપ જેટલું ગણાય. આ વર્ષોના અંતે ૧૦ લાખથી વધુ લોકોની તપાસ અને ૧ લાખ થી વધુ આંખના ઓપરેશન થયા, જે પૈકી ૭૦ટકા કામગીરી તદ્દન નિઃશુલ્ક કરવામાં આવી. ૧૨ વર્ષના અંતે દિવ્યજ્યોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ હવે ૧૦૦ પથારીની ગુજરાતની અગ્રગણ્ય આંખની હોસ્પિટલ પૈકી એક છે અને ટર્શીયરી આઈ કેર ઈન્સ્ટીટ્યુટ તરીકેની પ્રતિષ્ઠા મેળવી ચુકી છે.

આ મુકામ સુધી પહોંચવા માટે નિષ્ઠાવાન કાર્યકરો, દાતાઓ, શુભેચ્છકો, ડૉક્ટર્સ તથા દર્દીઓએ મૂકેલો વિશ્વાસ અત્યંત મહત્વના પરિબળ છે.

કાર્યકરો અને ડૉક્ટરોની કાર્યકુશળતા અને પ્રતિબધ્ધતા સુધારવા માટે સતત તાલીમ અને શિક્ષણનો અભિગમ અપનાવ્યો છે. વર્ષો દરમિયાન તેને માટે કરેલા પ્રયત્નોનો ઉલ્લેખ ૧૨મા વાર્ષિક રીપોર્ટમાં કર્યો હતો.

સ્ટાફના સર્વાંગી વિકાસના પ્રયત્નો, વિદ્યાર્થીઓ માટે સ્વવિકાસ અને મૂલ્યલક્ષી શિક્ષણ માટેના અથાગ પ્રયત્નોને કારણે વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ ૧૦૦ ટકા કરી શક્યા છીએ અને તેમની માંગ વધતી રહી છે. ડૉક્ટરોની તાલીમ માટે પણ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ પસંદગીનું સ્થાન બન્યુ છે. દર વર્ષે ફેકો ઈમલ્સીફીકેશન, એસઆઈસીએસ, મેડીકલ રેટીના, ગ્લોકોમા ઓબ્ઝર્વરશીપ માટે ડૉક્ટરો એડવાન્સ બુકીંગ કરાવીને તાલીમ મેળવે છે.

હોસ્પીટલની પ્રવૃત્તિ વધુ સઘન કરવા માટે માંડવીથી ૩ કિ.મી. દૂર અમલસાડી મુકામે ૨૦૦ બેડની અત્યાધુનિક આંખની હોસ્પિટલ, ૧૨૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી આપ્ટોમેટ્રી કોલેજ, હોસ્ટેલ તથા સ્ટાફ ક્વાર્ટર્સની સુવિધા ધરાવતુ સંકુલ તૈયાર થઈ રહ્યુ છે, જે કદાચ ગુજરાતની મોટામાં મોટી આંખની હોસ્પિટલ થશે. જે ૨૦૨૪ના વર્ષમાં કાર્યરત કરીશું.

આ સંકુલ તૈયાર કરવા માટે અત્યાર સુધી અનેક નામી-અનામી દાતાઓની મદદ સતત મળતી રહી છે. તે સૌનો હ્રદયપૂર્વક આભાર પ્રગટ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ દાનની સરવાણી વહેતી રહેશે એવી અપેક્ષા સહ.

આપના આભારી,

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડૉ. ઉદયભાઈ ગજીવાળા |
| પ્રમુખ | મંત્રી | ઉપ પ્રમુખ |

માંડવી — તારીખ : ૨૮-૧૨-૨૦૨૩

## વિતેલા વર્ષ પર નજર

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો અભિગમ સતત તાલીમ દ્વારા સતત સુધારણા અને ઉત્કૃષ્ટ સેવાઓ આપવાનો રહ્યો છે. તેથી વર્ષ દરમિયાન દરેક કક્ષાના સ્ટાફના સભ્યોની તાલીમ અને તેમની કામગીરીનું બાહ્ય સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા ઓડીટ/મૂલ્યાંકન કરાવવાનું કાર્ય થયું. આ ઉપરાંત વર્ષ દરમિયાન દરેક વિભાગમાં થયેલી કામગીરી વિશે જે તે વિભાગમાં વિસ્તૃત માહિતી આપેલ છે.

મુંબઈ સ્થિત મીશન ફોર વીઝન સંસ્થા, દિવ્યજ્યોતિ ટ્રસ્ટના ઘણા પ્રોજેક્ટ્સમાં મદદરૂપ થાય છે અને કેટલાક પ્રોજેક્ટ્સ સ્પોન્સર પણ કરે છે, તેથી સ્વાભાવિક રીતે જ તેનું સમયાંતરે મૂલ્યાંકન પણ કરે છે. જુનમાં ૬ માસિક મૂલ્યાંકન ઓનલાઈન થયું. દિવ્યજ્યોતિ ટ્રસ્ટના વ્યારા સેટેલાઈટ અને ખાપર વિઝન સેન્ટરનું ફંડીંગ મીશન ફોર વીઝન કરે છે, તેથી જુલાઈ મહિનામાં આ બન્ને સેન્ટરનું એક્ષ્ટર્નલ ઓડીટ મીશન ફોર વીઝન તથા ફૂર્લટન કંપની દ્વારા થયું. સંસ્થાના પ્રતિનિધિ શ્રી દેબાશીષ મૈતી, ઓગષ્ટની શરૂઆતમાં માંડવી આવ્યા અને ફીલ્ડ વર્કર્સની તાલીમ; ઓપ્થેલ્મીક આસીસ્ટંટસનું ‘સીએમઈ’ તેમજ તેઓના કાર્યનું ઓડીટ કર્યુ, આ ઉપરાંત આપણે જે સ્કૂલ સ્ક્રીનીંગનું કામ કરીએ છીએ, તેની મુલાકાત લઈને માર્ગદર્શન આપ્યું. ફરીથી સપ્ટેમ્બરમાં સ્કુલ સ્ક્રીનીંગ કાર્યનું ક્રોસ ચેક કર્યું.

શ્રી દેબાશીષે આપણા આર.ઓ.પી. પ્રોજેક્ટ અને વ્યારા સેન્ટરની કામગીરી નિહાળવા ૨૮-૨૯ નવેમ્બર દરમિયાન મુલાકાત કરી.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના કાર્યનું ક્લીનીકલ ઓડીટ એલ.વી. પ્રસાદ આઈ ઈન્ટસ્ટીટ્યૂટ, વાઈઝેગની ટીમના લીડર મીસ. રેખા દ્વારા ફેબ્રુઆરીમાં કરવામાં આવ્યું. એમના સૂચનોના આધારે આપણે જરૂરી ફેરફાર પણ કરી રહ્યા છીએ. તે જ રીતે ફેબ્રુઆરીમાં વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા કામગીરીનું ઓડીટ ચાલી રહ્યુ છે, જે ૨-૩ મહિના ચાલશે.

હોસ્પીટલ ૨૨ મે ૨૦૧૧ના રોજ શરૂ કર્યાને ૨૨ મે ૨૦૨૨ના રોજ ૧૧ વર્ષ પુરા થયા. જેની ઉજવણી ૨૧મી મે શનિવારે સાંસ્કૃતિક કાર્યક્રમથી કરી, સાથે સ્ટાફ સહ પરિવાર સમૂહભોજન માણ્યું અને ૨૨ મીમે એ ગણેશપૂજન કર્યું તથા બ્લડ ડોનેશન કેમ્પ કર્યો.

આપણા સ્થાપક ટ્રસ્ટી પૈકી એક શ્રી ભીખુભાઈ વ્યાસનું ૫મી જૂને અવસાન થયું. તેમને સૌ ટ્રસ્ટીગણ તરફથી શ્રદ્ધાંજલિ !! એમના ગાંધીવાદી વિચારો દ્વારા જે શક્તિ સંસ્થાને મળતી હતી તે ખોટ પૂરાય તેમ નથી. દિવ્યજ્યોતિ ટ્રસ્ટ એમને કાયમ માટે યાદ રાખશે. શ્રી ભીખુભાઈ વ્યાસના સ્થાને શ્રી સ્નેહલભાઈ શાહની સર્વાનુમતે વરણી કરી.

જૂલાઈ માસમાં આપણા શુભેચ્છક અને દાતાશ્રી પંકજભાઈ કાપડીયાએ દિવ્યજ્યોતિ ટ્રસ્ટને માનવતાવાદી કાર્ય માટે સન્માનિત કર્યુ.

ઈરમા, આણંદ થી પ્રો. શાશ્વત વિશ્વાસ અને પ્રો. પાંડે આપણી કામગીરી પર એક કેસ સ્ટડી તૈયાર કરવા માટે ૨૯ મી ઓગષ્ટે માંડવી આવ્યા.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા પાંચ વર્ષ દરમિયાન થયેલી કામગીરી અંગે એક કેસ સ્ટડી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદના પ્રો. રવિચંદ્રને અગાઉ તૈયાર કર્યો હતો. જે મેનેજમેન્ટ સ્ટુડન્ટને માટે અભ્યાસમાં ઉપયોગમાં લેવાય છે. હવે આ જ પ્રો. રવિચંદ્રન સરે હવે આગળ વધવા કઈ રીતે કામ કરવું, કોને જવાબદારી સોંપવી એ અંગે માર્ગદર્શન આપવા ૧૩મી સપ્ટેમ્બરે માંડવી મુલાકાત લીધી.

દર વર્ષે ઓક્ટોબરના બીજા ગુરુવારે વર્લ્ડસાઈટ ડે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે બારા સેટેલાઈટ સેન્ટર પર પેરામેડીકલ વર્કર્સમાં જાગૃતિ આણવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

દિવાળીબેન ઉકાભાઈ પટેલ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા એક સ્વીફ્ટ ગાડી લોન પર મળી. તેમજ આ ટ્રસ્ટના સ્થાપક તથા આપણા શુભેચ્છકશ્રી ભીખુભાઈ ઉકાભાઈ પટેલ જાન્યુઆરીમાં આપણી રૂબરૂ મુલાકાતે આવ્યા, તે સમયે તેમણે દર વર્ષે એક માતબર નિશ્ચિત રકમ આપવાનું જાહેર કર્યું.

મીશન ફોર વીઝન સંસ્થા દ્વારા ૨૦ સીટર મોબાઈલ વાન માટે ડોનેશન મળ્યું અને આ વાન આપણે ખરીદી, તેમજ તે હોસ્પીટલના ઉપયોગમાં નિયમિત લેવાઈ રહી છે. મીશન ફોર વીઝન દ્વારા ડ્રાઈવર્સની આંખની તપાસ કરવાની મંજૂરી પણ મળી ગઈ છે. વર્ષ દરમિયાન ૩૦૦૦ ટ્રક ડ્રાઈવર્સની તપાસ થશે.

રોટરી ક્લબ ઈન્ટરનેશનલ દ્વારા ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેકટ હેઠળ સાધનો ખરીદવા માટેની ગ્રાન્ટ ફેબ્રુઆરીમાં મંજૂર થઈ છે. તે મુજબ નવા સાધનો ખરીદશું.

એલઆઈ સી ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશન દ્વારા ગ્રીન લેસર માટેની ગ્રાન્ટ મંજૂર થઈ છે જે મશીન ખરીદીને ઈન્સ્ટોલ થઈ ગયું છે.

અંકલેશ્વરની કંપની - સજ્જન ઈન્ડિયા પ્રા.લી. દ્વારા તેમના કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી (CSR) પ્રોજેક્ટ હેઠળ રૂા. ૨ કરોડ દિવ્યજ્યોતિ ટ્રસ્ટને ફાળવવામાં આવ્યા. જે અંતર્ગત અમલસાડી કેમ્પસના 'બી' બિલ્ડીંગનું નામકરણ કરીશું.

### જીવનમાં મળી રાહત

૬૫ વર્ષના ગંગાબેન (નામ બદલ્યું છે.) અમદાવાદના રહીશ છે અને તેઓ એક બેકરીમાં કામ કરતા હતા. પરંતુ ધીમે ધીમે બન્ને આંખમાં ઝાંખુ દેખાતાં બેકરીમાં કામ કરવું બંધ કર્યું. ગંગાબેન બન્ને આંખની તપાસ માટે રાજકોટ આંખના કેમ્પમાં ગયા હતા. ત્યાં તેમની જમણી આંખનું ઓપરેશન થયું. જમણી આંખમાં દેખાતું થતાં ડાબી આંખના ઓપરેશન માટે ફરી વાર રાજકોટ હોસ્પીટલમાં ગયા, પરંતુ ત્યાં તેમને કમળાની બિમારી છે, એવું જણાવી ઓપરેશન કર્યું નહીં.

તેઓ બીજીવાર પણ રાજકોટ હોસ્પીટલમાં ગયા પરંતુ તેમનું ઓપરેશન થયું નહિં. આથી તેમના શેઠે તેમને માંડવી તેજસ આંખની હોસ્પીટલમાં જવાનું સૂચવ્યું. શેઠ પોતે ૫-૬ ગરીબ દર્દીઓને ઓપરેશન માટે લાવ્યા હતા સાથે જ તેમના પિતાજીનું મોતિયાનું ઓપરેશન પણ માંડવી થયું હતું. (જેઓ હાલ સુરત રહે છે.)

ગંગાબહેનને પોતાને મોતિયો છે એવી ખબર હતી, તેથી તેઓ ઓપરેશનની તૈયારી સાથેજ માંડવી આવ્યા હતા. તેમના ઓપરેશન પૂર્વેના બધા રીપોર્ટ અહીં કરાવ્યા પછી જણાયું, કે તેમને કમળો નથી. તેથી તેમણે ઈમ્પોર્ટેડ લેન્સ મુકાવીને પુરેપુરો ખર્ચ કરીને ઓપરેશન કરાવ્યું.

ગંગાબહેન તેમના પુત્ર ભાવેશભાઈ સાથે આવ્યા હતા. જે દિવસે દાખલ કર્યા તે જ દિવસે તેમનું ઓપરેશન થયું તેથી તેઓ ખૂબ ખુશ થઈ ગયા. ભાવેશભાઈ જણાવે છે કે અન્ય હોસ્પીટલમાં બે વાર ધક્કા ખાવા છતાં અમારૂ કામ ન થયું, પણ અહીં એક જ વારમાં મારી મમ્મીનુ ઓપરેશન થઈ ગયું. હોસ્પીટલનું નામ આખા ગુજરાતમાં તો છે જ, પણ આખા દેશમાં પ્રખ્યાત થશે.

ગંગાબહેન હવે ફરીથી બેકરીમાં કામ કરવા જશે અને દીકરાને મદદરૂપ થશે.

## હોસ્પિટલ

હોસ્પિટલમાં સામાન્યતઃ સરેરાશ ૨૦૦ દર્દીઓની ઓપીડી થતી હોય છે. પરંતુ આ વર્ષે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં - હીટવેવના કારણે ઓપીડીમાં અને ઓપરેશનમાં ઘટાડો નોંધાયો.

હોસ્પિટલમાં ડૉ. માનસી કારીયાની ગ્લોકોમા ફેલોશીપ ૩૦મી જૂને પુરી થઈ અને તેઓ ૨ વર્ષ માટે ઝામરના નિષ્ણાંત તરીકે ટ્રસ્ટ સાથે કામ કરશે. તે જ રીતે ડૉ.ઉમા શ્રોફ અને ડૉ. કવિન શ્રોફની ફેલોશીપ ૩૧ માર્ચે પુરી થતા ૧ લી એપ્રિલથી તેઓ અનુક્રમે પિડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજી કન્સલ્ટન્ટ અને રેટીના કન્સલ્ટન્ટ તરીકે જોડાયા. ડૉ. પ્રીતેશ દેસાઈ-૪ વર્ષના અનુભવી ડૉક્ટર ૧ લી ઓક્ટોબરથી જોડાયા.

ડૉ. આકૃતિ જરીવાળા તેમની કોમ્પ્રીહેન્સીવ ફેલોશીપ પુરી થતાં છૂટા થયા અને ડૉ. મીત મશરૂ ૧ લી જૂનથી તેમજ ડૉ. મીતી શાહ ૧ લી ઓક્ટોબરથી કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે જોડાયા.


હોસ્પિટલમાં બેઝીક લેબ ટેસ્ટ થાય છે. તે રીપોર્ટ પેથોલોજીસ્ટ ડૉ. દેવાંગ રોહિતભાઈ પેઈન્ટર દ્વારા અધિકૃત થશે. તેઓ નવેમ્બરથી સેવા આપી રહ્યા છે.


વર્ષ દરમિયાન મુંબઈથી આવેલા એક યુવકને કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ બેસાડી આપ્યો. મુંબઈમાં ઘણા મોટા ખર્ચ સામે તેજસ હોસ્પિટલમાં નજીવા ખર્ચે કામ થયું, તેથી તે ખુબ ખુશ છે.

બધા ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટની વાર્ષિક પરીક્ષા સ્થાનિક કક્ષાએ તેમજ ઓરોશિક્ષા (મદુરાઈની અરવિંદ આઈ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા ઓનલાઈન) દ્વારા લેવામાં આવી. બધા ઉત્તીર્ણ થયા. તે જ રીતે આ ગ્રુપ રીફ્રેક્શન કેવું કરે છે, તેનું કલીનીકલ ઓડીટ, મીશન ફોર વીઝન સંસ્થામાંથી શ્રી દેબાશિષે કર્યુ.

### ટેબલ નં- ૧ હોસ્પિટલની ઓ.પી.ડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો (નવા કેસ) | | બાળકો (જુના કેસ) | | આદિવાસી | બિનઆદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૨૦-૨૧ | ૯૨૮૧ | ૭૮૩૪ | ૭૨૩૯ | ૫૪૦૦ | ૮૨૯ | ૭૧૧ | ૭૪૪ | ૩૯૦ | ૧૮૩૮૫ | ૧૪૦૪૩ | ૩૨૪૨૮ |
| ૨૦૨૧-૨૨ | ૧૪૨૧૫ | ૧૩૨૫૩ | ૯૬૯૦ | ૮૧૩૪ | ૧૧૯૫ | ૯૮૨ | ૧૦૭૦ | ૬૪૫ | ૩૦૨૪૭ | ૧૮૯૩૭ | ૪૯૧૮૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૦૫૨૩ | ૧૯૯૦૪ | ૧૧૦૨૫ | ૯૪૪૮ | ૧૮૬૮ | ૧૭૨૧ | ૧૨૦૮ | ૮૧૨ | ૪૧૬૧૬ | ૨૪૮૯૩ | ૬૬૫૦૯ |



## ટેબલ નં- ૨ ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ (રેટીના ક્લીનીક) વર્ષ ૨૦૨૨-૨૩

| | | | સારવાર આપેલ દર્દી | | | |
|---|---|---|---|---|---|---|
| મહિનો | ડાયાબિટીક દર્દીની તપાસ | ડાયાબિટીક રેટીનોપથી ગ્રેડીગ | એવાસ્ટીન ઈંજેકશન | લેસર | વિટ્રેક્ટોમી | ફંડસ ફોટો |
| એપ્રિલ-૨૨ | ૧૩૪ | ૭૮ | ૨૧ | ૨૨ | ૦૪ | ૦૪ |
| મે | ૧૫૬ | ૮૬ | ૧૭ | ૧૭ | ૦૫ | ૦૪ |
| જૂન | ૧૩૧ | ૭૨ | ૧૯ | ૧૭ | ૦૧ | ૦૪ |
| જુલાઈ | ૧૨૨ | ૬૬ | ૦૯ | ૦૬ | ૦૧ | ૦૫ |
| ઓગષ્ટ | ૧૧૯ | ૬૪ | ૧૭ | ૧૨ | ૦૨ | ૦૩ |
| સપ્ટેમ્બર | ૧૩૧ | ૬૫ | ૧૦ | ૦૭ | ૦૩ | ૦૪ |
| ઓકટોબર | ૮૦ | ૪૫ | ૧૧ | ૧૧ | ૦૩ | ૦૨ |
| નવેમ્બર | ૧૩૯ | ૮૩ | ૧૪ | ૧૮ | ૦૧ | ૦૦ |
| ડિસેમ્બર | ૧૨૧ | ૬૬ | ૧૪ | ૧૩ | ૦૨ | ૦૫ |
| જાન્યુઆરી-૨૩ | ૧૨૧ | ૭૬ | ૧૩ | ૦૫ | ૦૬ | ૦૦ |
| ફેબ્રુઆરી | ૯૦ | ૨૯ | ૮ | ૦૪ | ૦૪ | ૦૩ |
| માર્ચ | ૧૨૦ | ૪૬ | ૧૭ | ૦૨ | ૦૭ | ૦૩ |
| કુલ | **૧૪૬૪** | **૭૭૬** | **૧૭૦** | **૧૩૪** | **૩૯** | **૩૭** |

## ટેબલ નં- ૩ ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ (બેઝ હોસ્પિટલ) વર્ષ ૨૦૨૨-૨૩

| મહિનો | RBS | RBS પોઝિટીવ | ફંડસ ફોટો | રીફર | એવાસ્ટીન ઈંજેકશન | લેસર | વિટ્રેક્ટોમી |
|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ -૨૨ | ૫૩૬ | ૫૨ | ૫૨ | ૨૨ | ૦૩ | ૦૪ | ૦૨ |
| મે | ૪૭૪ | ૫૭ | ૪૦ | ૩૨ | ૦૬ | ૦૭ | ૦૫ |
| જૂન | ૫૦૧ | ૪૬ | ૪૬ | ૨૪ | ૦૦ | ૦૬ | ૦૧ |
| જુલાઈ | ૩૯૭ | ૫૮ | ૫૮ | ૨૫ | ૦૨ | ૦૨ | ૦૧ |
| ઓગષ્ટ | ૫૦૭ | ૩૯ | ૩૯ | ૧૫ | ૦૧ | ૦૭ | ૦૧ |
| સપ્ટેમ્બર | ૩૮૮ | ૪૪ | ૪૪ | ૨૭ | ૦૩ | ૦૩ | ૦૨ |
| ઓકટોબર | ૪૮૪ | ૭૭ | ૭૭ | ૨૩ | ૦૪ | ૦૪ | ૦૩ |
| નવેમ્બર | ૬૨૧ | ૧૩૯ | ૧૩૯ | ૬૧ | ૦૮ | ૧૩ | ૦૧ |
| ડિસેમ્બર | ૫૨૯ | ૧૨૧ | ૧૨૧ | ૪૧ | ૦૨ | ૦૮ | ૦૨ |
| જાન્યુઆરી -૨૩ | ૬૩૦ | ૫૮ | ૪૮ | ૪૮ | ૦૭ | ૦૪ | ૦૦ |
| ફેબ્રુઆરી | ૬૭૪ | ૮૭ | ૩૦ | ૩૦ | ૦૪ | ૦૧ | ૦૦ |
| માર્ચ | ૫૪૬ | ૮૩ | ૧૪ | ૧૪ | ૦૫ | ૦૦ | ૦૧ |
| કુલ | **૬૨૮૭** | **૮૬૧** | **૭૦૮** | **૩૬૨** | **૪૫** | **૫૯** | **૧૯** |

## ટેબલ નં : ૪ વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા ઓ.ટી.કલ્ચર અને તપાસની માહિતી

| ક્રમ | વિગત | વર્ષ દરમિયાન થયેલ 'કલ્ચર'ની આંકડાકીય વિગત |
|---|---|---|
| ૧ | માંડવી આંખની હોસ્પિટલનું ઓપરેશન થીયેટર | ૨૨ |
| ૨ | નેત્રંગ સેટેલાઈટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૧૧ |
| ૩ | એવાસ્ટીન ઈંજેકશન | ૫૪ |
| ૪ | બાયોલોજીકલ ઈંડીકેટર | ૧૨ |
| ૫ | ઓટી સ્ક્રબ એરીયા (માંડવી) પાણીના સેમ્પલ | ૦૯ |
| ૬ | ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીગ એરીયા (માંડવી) પાણીના સેમ્પલ | ૦૧ |
| ૭ | ઓટી સ્ટાફ નેઈલ / નેઝલ સ્વોબ | ૦૨ |
| ૮ | આઈ બેંક લેમીનાર ફલો | ૧૨ |
| ૯ | માઈક્રોબાયોલોજી લેબ લેમીનાર ફલો | ૧૨ |
| ૧૦ | ઓટી લેમીનાર ફલો (માંડવી) | ૦૫ |
| ૧૧ | વ્યારા ઓટી સ્ક્રબ એરીયા પાણીનું સેમ્પલ | ૦૨ |
| ૧૨ | લેમીનાર ફલો (નેત્રંગ) | ૦૨ |
| ૧૩ | ઓટી સ્ટાફ નેઈલ / નેઝલ સ્વોબ(નેત્રંગ) | ૦૨ |
| ૧૪ | ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીગ એરીયા (નેત્રંગ) પાણીનું સેમ્પલ | ૦૧ |

| ક્રમ | લેબોરેટરીમાં થયેલ તપાસની માહિતી | લેબોરેટરીમાં થયેલ તપાસની આંકડાકીય વિગત |
|---|---|---|
| ૧ | હીમોગ્લોબીન | ૨૩૬ |
| ૨ | ઈ.એસ.આર. | ૪૮૯ |
| ૩ | સી.બી.સી. | ૯૦૩ |
| ૪ | બી.ટી.એન્ડ સી.ટી. | ૨૨૮ |
| ૫ | વી.ડી.આર.એલ. | ૩૮૬ |
| ૬ | એમ.ટી. | ૧૦૮ |
| ૭ | લીપીડ પ્રોફાઈલ | ૧૦૬ |
| ૮ | આર.એ. ફેકટર | ૯૦ |
| ૯ | બ્લડ યુરીયા | ૧૬૬ |
| ૧૦ | સીરમ કોલેસ્ટેરોલ | ૦૭ |
| ૧૧ | સીરમ ક્રીએટીનાઈન | ૨૯૧ |
| ૧૨ | યુરીન સુગર | ૬૧૬૨ |
| ૧૩ | આર.બી.એસ. | ૬૧૯૯ |
| ૧૪ | એચ.આઈ.વી. | ૫૩૮ |
| ૧૫ | એચ.બી.એસ.એ.જી. | ૫૨૭ |
| ૧૬ | એચ.બી.એ.વન.સી. | ૬૭૩ |
| ૧૭ | કલ્ચર | ૨૫૯ |
| ૧૮ | બાયોપ્સી | ૨૫ |
| ૧૯ | ગ્રામ સ્ટેઈન | ૩૬૬ |
| ૨૦ | ફાસ્ટીંગ બ્લડ સુગર | ૪૬૮ |
| ૨૧ | જમ્યા પછીનું સુગર | ૨૨૧ |
| ૨૨ | અન્ય તપાસ | ૭૫૨ |
| ૨૩ | ઈ.સી.જી. | ૨૩૦૦ |

### કિસ્મત આડેનો પડદો ખસી ગયો !!

પંદર વર્ષનો કિશોર (નામ બદલ્યું છે) ગામ મોરીઝારા તા. સોનગઢનો વતની છે. તેના માતા-પિતા ખેત-મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. કિશોર જ્યારે ૧૨ વર્ષનો હતો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની ડાબી આંખમાં ઝાંખુ દેખાય છે. પરંતુ નાદાનિયતને કારણે તેણે તેના પર ધ્યાન આપ્યું નહિં. પછી તેને લાગ્યું કે ડાબી આંખમાં વધારે ઝાંખુ દેખાય છે, તેથી તેના પિતા તેને ખાપર વિઝન સેન્ટર પર લઈ ગયા. ત્યાં તપાસ કરતાં જણાયું કે તેના ડાબી આંખના પડદામાં તકલીફ છે તેથી માંડવી પડદાના ડૉક્ટરને બતાવવાની સલાહ આપી.

જ્યારે કિશોર માંડવી આવ્યો ત્યારે તેની તપાસ કરતા જણાયું કે તેની ડાબી આંખમાં હાથની હલનચલન ખબર પડે તેટલું જ વિઝન છે અને તેનું કારણ છે કે તેનો પડદો ખસી ગયો છે અને ઓપરેશન કરવું પડશે. ઓપરેશનની વાતથી તેઓ ગભરાઈ ગયા. પરંતુ અહીં તેમને ખૂબ શાંતિથી સમજાવ્યા અને તેઓને ઓપરેશન માટે કોઈ ખર્ચ નહીં કરવો પડશે એમ ખાતરી આપી.

ઘણી સમજાવટના અંતે તેઓ ઓપરેશન કરાવવા તૈયાર થયા અને કિશોરનું ખસી ગયેલા પડદાનું ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન બાદ કિશોરની નજરમાં થોડો સુધારો થયો છે. અને સાથે જ તેના ચહેરા પર ઉદાસીના સ્થાને પ્રસન્નતા દેખાય છે. કિશોરની પ્રસન્નતા નિહાળીને તેના પિતા અને કુટુંબીજનો પણ ખુશ છે અને હોસ્પીટલ આમ જ ગરીબની સેવામાં નિરંતર કાર્ય કરતી રહે તેવી દુઆ ગુજારે છે.

## સ્પેશ્યાલિટી ક્લીનીક

(૧) કોર્નીયા ક્લીનીક :

કોર્નીયા કન્સલ્ટન્ટ તરીકે ડૉ. નીલમ યાદવ જોડાયા હતા પરંતુ ૨ જ મહિનામાં તેઓ છોડી ગયા. જો કે વિઝીટીંગ કોર્નીયા કન્સલ્ટન્ટ ડૉ. દર્શનભાઈ ક્લાઈગર, ડૉ. રોહનભાઈ ઠક્કર, ડૉ. અક્ષતભાઈ શાહે આ કામ ટકાવી રાખ્યું. ડૉ. દર્શનભાઈએ અઠવાડિયામાં ૧ થી વધુ વાર - જ્યારે પણ સારી કીકી હાજર હોય, દર્દી પણ હાજર હોય ત્યારે વહેલી સવારે કે રવિવારે પણ આવીને કીકી પ્રત્યારોપણ કાર્ય જારી રાખ્યું. ૩જી એપ્રિલથી ડૉ. પીંકલ શીરોયા જોડાયા છે. વર્ષ દરમિયાન કીકી બદલવાના ૧૫૨ ઓપરેશન થયા. ડૉ. અક્ષતભાઈએ ૧ દિવસમાં ૫ કોર્નીયલ ગ્રાફ્ટ કર્યા.

(૨) (ઝામર) ગ્લોકોમા ક્લીનીક : ગ્લોકોમા કન્સલ્ટન્ટ ડૉ. અભિષેક દેવલે છૂટા થયા. ડૉ. માનસીબેન કારીયાની ફેલોશીપ જૂનમાં પુરી થઈ અને તેઓએ ૨ વર્ષ કન્સલ્ટન્ટ તરીકે કામ કરવાનું નક્કી કર્યુ. ડૉ. માનસીબેને વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે જૂલાઈથી આર. એન. સી. હોસ્પીટલ, વલસાડ જવાનું પણ શરૂ કર્યું.

ઝામરના ઓપરેશન ૧૨૪ થયા.

(૩) રેટીના ક્લીનીક : ડૉ. કવિન શ્રોફ એપ્રિલ ૨૨ થી રેટીના કન્સલ્ટન્ટ તરીકે જવાબદારી સંભાળે છે. ડૉ. સ્વપ્નીલ પચ્ચીગર જાન્યુઆરી ૨૩ થી છૂટા થયા ડૉ. કવિને વર્ષ દરમ્યાન એક જ દિવસમાં રેટીનાના પાંચ-પાંચ ઓપરેશન કર્યા.

જૂલાઈ ૨૦૨૨માં મીશન ફોર વીઝન દ્વારા અધૂરા માસે જન્મેલા બાળકોની આંખના પડદાની સારવાર (ROP) કરવાનો પ્રોજેક્ટ મંજૂર થયો, તેથી વર્ષ દરમિયાન વ્યારાની ખાનગી હોસ્પિટલ, ગ્રામસેવા ટ્રસ્ટ ખારેલ, નવસારી સિવીલ હોસ્પિટલ તથા રાજપીપલા સિવીલ હોસ્પીટલ તેમજ બારડોલી મુકામે નાના બાળકોની હોસ્પિટલમાં જઈને આ બાળકોની સારવાર કરવામાં આવે છે. આ માટેની તાલીમ ડૉ. કવિન શ્રોફે પુના એચ.વી. દેસાઈ આઈ હોસ્પીટલમાં જઈને લીધી તેમજ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ જય હજારીવાળા, ચિરાગ ટેલર અને વિશાલ શાહે રેટકેમ ટેકનીશીયન તરીકેની તાલીમ પુના જઈને લીધી. જેઓ આવી તાલીમ પ્રાપ્ત દેશના ૪૦-૫૦ ટેકનીશીયન પૈકીના ત્રણ છે. આ કામગીરીની આંકડાકીય માહિતી ટેબલમાં આપી છે.

(૪) પીડીયાટ્રીક ક્લીનીક :- પીડીયાટ્રીક કન્સલ્ટન્ટ ડૉ. અંશુલિ સૂદ સપ્ટે. ૨૨ થી છૂટા થયા. પરંતુ ડૉ. ઉમા શ્રોફ એપ્રિલ ૨૨ થી કન્સલ્ટન્ટ તરીકે જોડાયા હોવાથી નાના બાળકોની આંખની સારવાર સારી રીતે થઈ રહી છે.

વર્ષ દરમિયાન નાના બાળકોની આંખની તકલીફ પૈકી એક આળસુ આંખ (એમ્બ્લાયોપીયા) ની સારવાર માટે રીસર્ચ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આને માટે જાપાનની ટીમ (કંપની) સાથે એમ.ઓ.યુ. કરીને તેઓએ આ સારવાર માટે ખાસ ટેબ્લેટ વિકસાવ્યા છે જેમાં પોકેમોન ગેમ ડીસ્પલે થાય. સામાન્ય રીતે બાળકની આળસુ આંખની સારવાર માટે બે પૈકી જે આંખ સારી હોય તે પટ્ટી બાંધીને જે આંખ નબળી હોય તેના દ્વારા જોવાનું કરવામાં આવે, પણ બાળક આ પટ્ટી કે પેચ રહેવા ના દે, તેથી આ ટેબ્લેટમાં આ ઓટોમેટીક થાય. આમ બાળકને રમતાં રમતાં નબળી આંખને એકસરસાઈઝ મળી જાય છે. આ માટેના ટેબ્લેટ બાળકને નથી આપ્યા પરંતુ આપણા ફીલ્ડ સ્ટાફ આ ટેબ્લેટ બાળક પાસે લઈ જઈને કસરત આપે છે. અથવા નજીકના વીઝન સેન્ટર પર ટેબ્લેટ આપીને બાળકને કસરત માટે બોલાવવામાં આવે છે. આ એક યુનીક પ્રોગ્રામ છે અને બાળકો તેનો સારો લાભ લઈ રહ્યા છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે જાપાનની ટીમે ૧૭/૧૨ ના રોજ માંડવીની મુલાકાત લીધી.

કુલ ૩૩૫ બાળકોની આંખની સર્જરીની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સંપૂર્ણ પૈસા ભરેલા | સબસિડી | ફ્રી | કુલ |
|---|---|---|---|---|---|
| (૧) | બાળકોની મોતિયાની સર્જરી-ફેકોપધ્ધતિથી | ૪ | ૬ | ૨૫ | ૩૫ |
| (૨) | ત્રાંસી આંખ | ૨ | ૦૧ | ૨૨ | ૨૫ |
| (૩) | અન્ય સર્જરી | ૫૪ | ૩૨ | ૧૮૯ | ૨૭૫ |
| | કુલ | ૬૦ | ૩૯ | ૨૩૬ | ૩૩૫ |


(૫) ન્યુરો ઓપ્થેલ્મોલોજી : ડૉ. તનુજાબહેન રાખે નિયમિત રીતે મહિનામા બે વાર આવીને આ દર્દીઓની સારવાર કરી રહ્યા છે.


(૬) ઓકયુલોપ્લાસ્ટી : ઓક્યુલોપ્લાસ્ટી સર્જન તરીકે ડૉ. વાસવીબેન જોષી દર અઠવાડિયે ૧ વાર આવે છે. અને નિયમતિ સર્જરી કરે છે.

(૭) ઓકયુલર પ્રોસ્થેસીસ વર્ક : કૃત્રિમ આંખ બનાવવાની તાલીમ લીધી હતી તેનો ઉપયોગ કરીને ૩ કૃત્રિમ આંખ બનાવી છે. કુલ ત્રણ કૃત્રિમ આંખ પૈકી ૧ પુરુષ અને ૨ મહિલા દર્દીની આંખ બનાવી છે. તેમજ તૈયાર ૧૭ કૃત્રિમ આંખ આપી છે. જેમાં ૧૧ મહિલા દર્દીને અને ૬ પુરુષ દર્દીને કૃત્રિમ આંખ આપી.

## ટેબલ નં- ૫ સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| સ્પેશ્યાલીટી | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
| રેટીનાક્લીનીક | ૫૧૯૮ | ૬૪૨૨ | ૬૫૩૭ | ૯૫૩ | ૧૧૭૧ | ૧૦૬૧ |
| ગ્લોકોમા ક્લીનીક | ૧૭૩૪ | ૩૭૯૦ | ૫૨૦૯ | ૬૭ | ૧૧૫ | ૧૨૪ |
| કોર્નીયા ક્લીનીક | ૩૮૪૪ | ૫૫૧૪ | ૩૯૯૦ | ૧૪૩ | ૧૩૯ | ૧૫૨ |
| ઓક્યુલોપ્લાસ્ટી ક્લીનીક | ૮૫ | ૪૨૦ | ૮૨૫ | ૧૦૦ | ૨૬૨ | ૩૫૩ |
| પીડીયાટ્રીક ક્લીનીક | ૨૬૭૫ | ૩૮૯૨ | ૫૬૦૬ | ૧૯૩ | ૩૭૯ | ૩૩૫ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી ક્લીનીક | ૧૩ | ૧૬૮ | ૨૪૬ | ૦ | ૦ | ૦૦ |
| લો વિઝન ક્લીનીક | ૧૬ | ૨૧ | ૨૫ | ૦ | ૦ | ૦૦ |
| કુલ | ૧૩૫૬૫ | ૨૦૨૨૭ | **૨૨૪૩૮** | ૧૪૫૬ | ૨૦૬૬ | **૨૦૨૫** |



## ટેબલ નં- ૬ ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી (૨૦૨૨-૨૩)

| રાજ્ય/જીલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
| સુરત | ૧૫૭૪૦ | ૨૨૧૪૪ | ૧૦૫૪૭ | ૧૧૧૪૯ | ૨૬૨૮૭ | ૩૩૨૯૩ | ૩૨૧૧ | ૩૨૭૬ |
| તાપી | ૫૨૬૩ | ૧૦૦૪૧ | ૩૭૮૨ | ૪૮૭૯ | ૯૦૪૫ | ૧૪૯૨૦ | ૨૬૧૯ | ૩૨૬૭ |
| ભરૂચ | ૨૩૨૪ | ૨૩૮૨ | ૨૩૬૮ | ૨૨૮૭ | ૪૬૯૨ | ૪૬૬૯ | ૮૬૧ | ૭૨૧ |
| નવસારી | ૧૯૫ | ૨૦૯ | ૧૬૭ | ૧૭૦ | ૩૬૨ | ૩૭૯ | ૯૯ | ૯૩ |
| નર્મદા | ૧૭૬૬ | ૩૫૮૩ | ૧૦૭૮ | ૧૭૭૪ | ૨૮૪૪ | ૫૩૫૭ | ૬૯૫ | ૧૧૨૮ |
| વલસાડ | ૮૭ | ૧૦૩ | ૪૯ | ૯૪ | ૧૩૬ | ૧૯૭ | ૨૬ | ૪૦ |
| અન્ય | ૧૭૬૫ | ૨૦૪૩ | ૨૭૩ | ૩૪૫ | ૨૦૩૮ | ૨૩૮૮ | ૭૦૩ | ૫૨૭ |
| મહારાષ્ટ્ર | - | - | - | - | - | - | - | - |
| નંદુરબાર | ૨૫૬૫ | ૩૫૧૧ | ૧૨૭૫ | ૧૭૯૫ | ૩૭૮૦ | ૫૩૦૬ | ૧૫૨૨ | ૧૯૯૪ |
| **કુલ** | **૨૯૭૦૫** | **૪૪૦૧૬** | **૧૯૫૩૯** | **૨૨૪૯૩** | **૪૯૧૮૪** | **૬૬૫૦૯** | **૯૭૩૬** | **૧૧૦૪૬** |
| વ્યારા | ૧૬૦૩ | ૪૦૪૨ | ૭૧૯ | ૨૬૯૨ | ૨૩૨૨ | ૬૭૩૪ | ૨૧૫ | ૪૭૭ |
| નેત્રંગ | ૪૧૯૩ | ૫૫૬૪ | ૧૯૭૯ | ૨૧૯૦ | ૬૧૭૨ | ૭૭૫૪ | ૪૫૭ | ૩૯૪ |
| ઝંખવાવ | ૧૩૮૮ | ૧૭૬૩ | ૨૮૪ | ૨૮૨ | ૧૬૭૨ | ૨૦૪૫ | ૯૬ | ૯૦ |
| સાગબારા | ૧૪૦૮ | ૧૫૧૬ | ૨૨૮ | ૪૪૮ | ૧૬૩૬ | ૧૯૬૪ | ૧૭૮ | ૨૩૨ |
| ડેડીયાપાડા | ૧૧૯૪ | ૧૩૪૪ | ૩૭૭ | ૩૯૯ | ૧૫૭૧ | ૧૭૪૩ | ૧૫૧ | ૧૬૬ |
| બારડોલી | ૮૬૯ | ૭૦૬ | ૧૭૧ | ૧૨૭ | ૧૦૪૦ | ૮૩૩ | ૧૮ | ૦૨ |
| ઉચ્છલ | ૧૮૦૬ | ૨૮૮૭ | ૩૨ | ૬૯૪ | ૧૮૩૮ | ૩૫૮૧ | ૯૦૭ | ૧૨૪૮ |
| ઉમરપાડા | ૧૦૧૨ | ૧૮૧૪ | ૧૯૧ | ૫૯૫ | ૧૨૦૩ | ૨૪૦૯ | ૯૨ | ૧૪૭ |
| ખાપર | ૨૩૪૬ | ૨૯૯૧ | ૬૯૫ | ૧૧૦૯ | ૩૦૪૧ | ૪૧૦૦ | ૩૮૩ | ૫૯૧ |
| કીમ | ૧૫૧૨ | ૧૮૮૮ | ૨૨૦ | ૩૬૯ | ૧૭૩૨ | ૨૨૫૭ | ૧૯૩ | ૧૦૭ |
| કોસંબા | ૧૪૬૨ | ૨૧૫૭ | ૩૭૯ | ૫૨૬ | ૧૮૪૧ | ૨૬૮૩ | ૨૩૧ | ૧૦૩ |
| વીઝનસેન્ટરકુલ | ૧૮૭૯૩ | ૨૬૬૭૨ | ૫૨૭૫ | ૯૪૩૧ | ૨૪૦૬૮ | ૩૬૧૦૩ | ૨૯૨૧ | ૪૨૫૭ |
| **કુલ** | **૪૮૪૩૮** | **૭૦૬૮૮** | **૨૪૮૧૪** | **૩૧૯૨૪** | **૭૩૨૫૨** | **૧૦૨૬૧૨** | **૧૨૬૫૭** | **૧૪૬૦૩** |

## ગુરુજીભાઈનો દુ:ખાવો ટળ્યો !!

૭૩ વર્ષના ગુરુજીભાઈ (નામ બદલ્યું છે) સુરત નજીક સચીન ગામના રહેવાસી છે. તેમનું મૂળ વતન કચ્છનેત્ર, તા. નખત્રાણા, જી. કચ્છ છે. તેમના વતનમાં મકાનનું કામ ચાલતું હતું તેથી તેઓ ત્યાં ગયા હતા પરંતુ અચાનક તેમની જમણી આંખમાં અસહ્ય દુ:ખાવો ઉપડ્યો, તેથી તેઓ નજીક ભૂજના દવાખાનામાં બતાવવા ગયા, જ્યાં તેમને ૧૫ દિવસની દવા આપી. આ દવાથી તેમને કશી રાહત ન થઈ તેથી તેઓ અન્યત્ર બતાવવા ગયા, જ્યાં તેમને ડૉક્ટરે જણાવ્યું, કે તમારે કીકીના નિષ્ણાંત ડૉક્ટરને મળવું પડશે, કારણકે તકલીફ કીકીમાં છે.

ગુરુજીભાઈને બાળપણથી જ જમણી આંખ બરાબર બંધ નહોતી થતી અને ત્યારબાદ તેમણે જમણી આંખમાં મોતિયાનું ઓપરેશન કરાવ્યુ હતું અને તે આંખમાં દુ:ખાવો ઉપડ્યો હતો.

ગુરુજીભાઈને બે પુત્રો છે પણ તેઓ સાથે રહેતા નથી. ગુરુજીભાઈને તકલીફ સમયે તેમના ભત્રીજા મનહરભાઈ (નામ બદલ્યું છે) યાદ આવ્યા. તેમણે મનહરભાઈને ફોન કરીને હકીકત જણાવી. મનહરભાઈ માંડવી રહે છે, તેથી તેમણે કાકાને માંડવી બોલાવ્યા અને તેજસ હોસ્પીટલમાં લઈ આવ્યા.

તેજસ હોસ્પીટલમાં કીકીના ડૉક્ટરે તપાસ કરીને જણાવ્યું કે કીકીમાં ચેપ લાગી ગયો છે અને કીકી બદલવાનું ઓપરેશન કરવું પડશે. સાથે જ તેમને એ પણ જણાવ્યું, કે આ ઓપરેશનથી દુ:ખાવામાં રાહત થઈ જશે, પણ દેખાવાની ગેરંટી નથી. જો કે ઘણા સમયથી દુ:ખાવાથી પરેશાન ગુરુજીભાઈએ તરત જ ઓપરેશન માટે સંમતિ આપી અને તેઓ ૨૩/૮ ના રોજ દાખલ થઈ ગયા.

અહીં તેમની થેરાપ્યુટીક કેરેટોપ્લાસ્ટી સર્જરી થઈ અને તેમને દુ:ખાવામાં રાહત થઈ ગઈ. તેઓ અત્યંત ખુશ છે અને તેજસ હોસ્પિટલના સ્ટાફના અત્યંત આભારી છે.

## દિવ્યચક્ષુ આઈ બેંક

ચક્ષુદાન પખવાડિયા દરમિયાન (૨૫ ઓગષ્ટ થી ૮ સપ્ટેમ્બર) સુરતની લોકદ્રષ્ટિ આઈબેંક દ્વારા સંચાલિત દ્રષ્ટિરથને ઝંડો બતાવીને પ્રસ્થાન કરાવ્યુ. જેને સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ સમર્થન આપ્યું.

હવે બારડોલીથી ચક્ષુદાન માટેના કોલ પણ મળી રહ્યા છે.

### યુવકના જીવનમાં ફેલાયો પ્રકાશ

૨૭ વર્ષના સુરજભાઈ (નામ બદલ્યું છે) આહવા તાલુકાના ગામ પાદલખડીના રહેવાસી છે અને અત્યંત ગરીબીને કારણે ભણી શક્યા નથી, તેથી ખેત મજૂરી કરીને ગુજરાન ચલાવે છે

૬ મહિના અગાઉ એમના માથે દુઃખનો ડુંગર તૂટી પડ્યો. તેમને કામ કરતાં કરતાં અચાનક ડાબી આંખમાં વાગ્યું. સદ્‌નસીબે નાનો ભાઈ પણ મજૂરી કામે સાથે જ હતો તેથી બન્ને તરત જ આહવા સિવીલ હોસ્પીટલ પહોંચ્યા, પરંતુ કોઈ સારવાર ના થઈ શકી. જોકે ત્યાંના ડૉક્ટરે જણાવ્યું કે તમારે કોર્નીયાના સ્પેશ્યલ ડૉક્ટરને જ બતાવવું પડશે અને તે ખુબ તાત્કાલિક કરવું પડશે તેમ પણ જણાવ્યું.

બન્ને ભાઈઓ સાંજે ઘરે પછા ફર્યા. આજુબાજુ રહેતા લોકોએ જાત-જાતની સલાહ આપી. તેમાં એક અનુભવી વૃધ્ધ વડીલે માંડવી આંખની હોસ્પીટલ પહોંચી જવાની સલાહ આપી. તેઓ તાત્કાલિક માંડવી આવ્યા અને અહીં કીકી સાંધી દેવામાં આવી. જો કે જોવાની ગેરંટી નહોતી આપી શકાઈ. એક અઠવાડિયા પછી ફોલોઅપમાં બોલાવ્યા. પરંતુ એક અઠવાડિયા પછી તો કીકી પર ઈન્ફેક્શન થઈ ગયું હતું. તેથી તેમને દાખલ રાખ્યા અને દવા શરૂ કરી.

આ દરમિયાન સૂરજભાઈને પડદાની તકલીફ પણ થઈ ગઈ તેથી ડૉક્ટરે સમજાવ્યું કે કીકી બદલવાનું અને પડદાનું ઓપરેશન સાથે કરવું પડશે. આ સાંભળીને તેઓ ખૂબ હતાશ થઈ ગયા. પરંતુ તેમને ખૂબ ધીરજ આપીને સમજાવ્યા અને સાથે એ પણ જણાવ્યું કે કીકીનું ઓપરેશન માફીમાં થશે અને પડદાનું ઓપરેશન આયુષ્માન કાર્ડમા થઈ જશે તેથી જ્યારે સારી કીકી દાનમાં આવશે ત્યારે તમને ફોન કરીને બોલાવીશું એમ સમજાવીને ઘરે મોકલ્યા.

જ્યારે તેજસ હોસ્પિટલમાં સારી કીકી દાનમાં મળી ત્યારે સૂરજભાઈને બોલાવ્યા અને કીકી બદલવાનું તેમજ પડદાનુ ઓપરેશન કર્યું. તેમને પટ્ટી ખોલ્યા બાદ થોડું દેખાતુ થયું છે. જો તેઓ અહીં સમયસર ન આવ્યા હોત તો એક આંખ કાઢી નાખવી પડતે.

સુરજભાઈ કહે છે કે ગરીબો માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપ છે. હોસ્પીટલની સુવિધા ખુબ સરસ છે. જે લોકો પૈસાના અભાવે અંધાપો વેઠતા હોય તેમના માટે હોસ્પીટલ વરદાન રૂપ છે.

## અમારા ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ વ્યાસ

જુન ૨૨માં મુ. શ્રી ભીખુભાઈ વ્યાસનું દેહાવસાન થયું. ૯૪ વર્ષની ઉંમરે પણ સતત કાર્યરત હતા. આખી જીંદગી ગાંધી વિચાર આધારિત કામ કર્યું. સમાજને કેવી રીતે બેઠો કરવો તેના પાઠ અમે એમના જીવન અને આચરણમાંથી શીખ્યા છીએ. એમની કાર્યપધ્ધતિમાંથી અમે ઘણું શીખ્યા છીએ. માંડવીમાં ૨૦૧૦માં દિવ્યજ્યોતિ ટ્રસ્ટની સ્થાપના કરી ત્યારથી એમના સતત માર્ગદર્શન અને હુંફ મળતા રહયા હતા. ગાંધી વિચારને થોડો ઘણો પણ અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવામાં એમનું માર્ગદર્શન ખુબ અગત્યનું હતું. એમની ખોટ અમને સાલશે. એક નખશીખ સાચા ગાંધીવાદી જનને આપણે ગુમાવ્યા. એમણે જે શીખવ્યું અને જે આચરણ કર્યું તેના ઉપર અમલ કરીએ એજ એમને સાચી શ્રધ્ધાંજલી હશે. ઈશ્વર એમના આત્માને પોતાના શરણમાં લે એવી પ્રાર્થના.

**દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ :**

ઓપ્ટોમેટ્રી કોલેજના વિદ્યાર્થીઓને દર વર્ષે સોફ્ટ સ્કીલ ટ્રેનીંગ માટે ઉકા તરસાડીયા યુનિવર્સીટી કેમ્પસ પર મોકલવામાં આવે છે. આ વર્ષે ૨૫ થી ૩૦ એપ્રિલ દરમિયાન વિદ્યાર્થીઓને બારડોલી, માલીબા કેમ્પસ મોકલ્યા હતા. આ તાલીમ તેઓને તેમના વ્યક્તિત્વ ઘડતરમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓની ફાઈનલ પરીક્ષા ઓગસ્ટમાં લેવાઈ. ૧૭ મી ઓગસ્ટથી તેઓને ઈન્ટર્નશીપમાં મોકલ્યા. આ બધા વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ પણ મળ્યુ છે. જે અન્ય કોઈ ઓપ્ટોમેટ્રી કોલેજના વિદ્યાર્થીઓને નથી મળ્યું.

વિશ્વ સાક્ષરતા દિને ઓપ્ટોમેટ્રી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ૧૨-૯ ના રોજ શિક્ષણ અંગે જાગૃતિ આણવા પ્રવૃત્તિ કરવામાં આવી.

ઓપ્ટોમેટ્રી કોલેજની પાંચમી બેચનો અભ્યાસ ૨૨મી ડીસેમ્બર-૨૨ થી શરૂ થયો. ઓપ્ટોમેટ્રી કોલેજની બીજી બેચનું કોન્વોકેશન ૧૭ મી જાન્યુઆરીએ થઈ ગયું.

## પરેશભાઈની ઘાત ટળી

૩૫ વર્ષના પરેશભાઈ મૂળે નંદુરબારના વતની છે, પરંતુ રોજી-રોટીની તલાશમાં છેલ્લા ૧૫ વર્ષથી સુરતમાં વસે છે અને ટાઈલ્સ કટીંગનું મજૂરી કામ કરી જીવન નિર્વાહ કરે છે.

એક વાર કામ કરતાં કરતાં ટાઈલ્સનો ટૂકડો જમણી આંખમાં વાગ્યો. તેમણે નજીકની હોસ્પિટલમાં બતાવ્યું અને ત્યાંથી જે કહ્યા તે રીપોર્ટ કરાવ્યા. પરંતુ સારવારનો ખર્ચો વધારે જણાવતાં સારવાર કરાવ્યા વગર પોતાના ગામ જતા રહ્યા. આમ કરતાં ૧ મહિનો વીતી ગયો. તે દરમિયાન કોઈએ તેમને માંડવી આંખની હોસ્પિટલમાં બતાવવા જવાનું સૂચવ્યું.

માંડવી તેમની તપાસ કરતાં જણાયું કે વાગવાને કારણે જમણી આંખમાં નાની ગાંઠ થઈ ગઈ હતી અને સોજો આવી ગયો હતો તેથી તેમને બુધવારે ઓક્યુપ્લાસ્ટીના નિષ્ણાંત ડૉક્ટર આવે ત્યારે બોલાવ્યા. બુધવારે આવ્યા ત્યારે તેમની આંખની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી અને આંખમાંથી પસ નીકળતું હતું કારણકે ચેપ ખૂબ વધી ગયો હતો. તેમને તાત્કાલિક માંડવીમા જ સીટી સ્કેન કરાવવા મોકલ્યા. સીટી સ્કેનનો રીપોર્ટ જોતાં જણાયું કે જમણી આંખની પાછળ મોટી ગાંઠ છે અને તેનું ઓપરેશન કરવા બ્રેઈનનો એમઆરઆઈ કરાવવો પડશે. તેમને એમઆરઆઈ કરાવવા 'છાંયડો' સુરત મોકલ્યા.

રીપોર્ટ આવ્યા પછી દવા-ઈંજેક્શન શરૂ કર્યા અને ચેપ ઓછો થયા બાદ ઓક્યુલોપ્લાસ્ટી સર્જન અને એનેસ્થેટીસ્ટ ડૉક્ટરની ખાસ વિઝીટ ગોઠવીને પરેશભાઈનું ઓપરેશન કરવામાં આવ્યું અને ચેપ ફેલાઈ ચૂક્યો હોવાથી આંખ કાઢી લેવામાં આવી.. જો આમ ન કરીએ તો ચેપ મગજ સુધી પહોંચે તો જીવ જોખમમાં મૂકાઈ જાય.

પરેશભાઈની ડાબી આંખ બરાબર કામ કરે છે તેથી તેઓ ડાબી આંખથી પોતાનું કામ કરી શકે છે. જોકે જમણી આંખમાં જે તકલીફ હતી તે દૂર થઈ હોવાથી તેઓ અને તેમનો પરિવાર ખુશ છે અને વિચારે છે કે જો તેઓ અહીં ના આવ્યા હોત તો તેમણે પરેશભાઈને ગુમાવી દીધા હોત.

પરેશભાઈની સ્થિતિ જોતાં તેમનું ઓપરેશન રાહત દરે કરી આપ્યું.

પરેશભાઈ અને તેમનો પરિવાર હોસ્પિટલ ખૂબ આગળ વધે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

## તાલીમ કેન્દ્ર

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના કોર ગૃપના સભ્યો તથા એક્ષ્ટેન્ડેડ કોર ગ્રુપના સભ્યોની તાલીમ છેલ્લા ૨.૧/૨ વર્ષથી ઈરમાના પ્રોફેસર ભટ્ટ સાહેબ દ્વારા થઈ રહી છે.

આ ઉપરાંત ૨૭/૭ના રોજ ઓપ્ટોમેટ્રી અને વિઝન આસીસ્ટંટ સ્ટુડન્ટની સોફ્ટ સ્કીલ ટ્રેનીંગ ભટ્ટ સાહેબે કરી. આ ઉપરાંત જુદી જુદી તાલીમ ઈનહાઉસ તેમજ અન્ય સંસ્થા કે હોસ્પીટલ પર મોકલીને વર્ષ દરમિયાન આપવામાં આવી. જે સ્ટાફને વધુ સક્ષમ બનાવીને તેમની કાર્યકુશળતા વધારી આપવામાં મહત્વનો ફાળો આપે છે. કોર ગ્રુપની તાલીમ ઓનલાઈન થાય છે. લગભગ દર મહિને એકવાર ૧.૧/૨ થી ૨ કલાક ની તાલીમમાં સતત નવું શીખવા મળે છે. આ તારીખો આ મુજબ છે. ૭.૪.૨૨; ૧૧.૫.૨૨; ૪.૬.૨૨; ૬.૭.૨૨; ૯.૮.૨૨; ૨૭.૯.૨૨; ૨૦.૧૦.૨૨; ૨૧.૧૧.૨૨; ૩.૧૨.૨૨; રૂબરૂ મુલાકાત ૫.૧.૨૩, એક્ષ્ટેન્ડેડ કોર ગ્રુપ સભ્યો માટે તા ૨૭/૬ના રોજ રૂબરૂ મુલાકાત લીધી.

વર્ષ દરમિયાન થયેલ તાલીમની વિગત નીચેના ટેબલમાં દર્શાવી છે.

## દિવ્યજ્યોતિ ટ્રસ્ટમાં જોડાયેલા સ્ટાફની તાલીમની વિગત

| ક્રમ | તાલીમની વિગત | સમયગાળો | તાલીમ લેનાર સ્ટાફનું નામ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | વિઝન સેન્ટર્સ માટે લીપ સીરીઝ | ૧ વર્ષ | નિખીલ મહેતા, વિરલ ટેલર, યતીન મિસ્ત્રી, જયસિંહ ગામીત, ડૉ. ઉમા શ્રોફ | ઓનલાઈન |
| ૨ | પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલાજી ઓબ્ઝર્વરશીપ | ૧૫ દિવસ (૧ થી ૧૨ એપ્રિલ) | ડૉ. ઉમા શ્રોફ | અરવિંદ આઈ હોસ્પીટલ, મદુરાઈ |
| ૩ | રેટીના ઓબ્ઝર્વરશીપ | ૧૫ દિવસ (૧ થી ૧૨ એપ્રિલ) | ડૉ. કવિન શ્રોફ | અરવિંદ આઈ હોસ્પીટલ, મદુરાઈ |
| ૪ | રેટીના ઓબ્ઝર્વરશીપ | ૧ અઠવાડિયુ (૪ થી ૮ જુલાઈ) | ડૉ. કવિન શ્રોફ | મુરફીલ્ડ આઈ હોસ્પીટલ, લંડન, યુ.કે |
| ૫ | પીડીયાટ્રીક ઓબ્ઝર્વરશીપ | ૧ અઠવાડિયુ (૪ થી ૮ જુલાઈ) | ડૉ. ઉમા શ્રોફ | મુરફીલ્ડ આઈ હોસ્પીટલ, લંડન, યુ.કે |
| ૬ | જીસીપી ટ્રેનીંગ અને રીસર્ચ ડોક્યુમેન્ટેશન ટ્રેઈનીંગ | ૨ કલાક (૨૮.૬.૨૨) | વિમલ પ્રજાપતિ, શિવાની સૂચલ મૈત્રી, મેહુલ, વિશાલ | ઓનલાઈન |
| ૭ | રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટીની તપાસ માટે રેટકેમ ટેકનીશ્યનની તાલીમ | ૧૦ દિવસ (૧૬.૮ થી ૨૬.૮) | વિશાલ શાહ, જય હજારીવાલા | એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટ્યુટ, પૂણે |
| ૮ | રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટીની તપાસ માટે રેટકેમ ટેકનીશ્યનની તાલીમ | ૧૦ દિવસ (૧.૯ થી ૧૦.૯) | ચિરાગ ટેલર | એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટ્યુટ, પૂણે |
| ૯ | રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી/ કાઉન્સલીંગની તાલીમ | ૧૦ દિવસ (૧.૯ થી ૧૦.૯) | ભૂમિત રાઠોડ | એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટ્યુટ, પૂણે |
| ૧૦ | રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી પ્રોજેક્ટ અમલીકરણ | ૨ દિવસ (૧૪ થી ૧૫) | ડૉ. કવિન શ્રોફ | એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટ્યુટ, પૂણે |
| ૧૧ | એ. સી. એલ. એસ. ટ્રેનીંગ | ૨ દિવસ (૧૭ થી ૧૮) | ડૉ. ઉમા શ્રોફ, ડૉ. કવિન શ્રોફ, ડૉ. દેવાંશી વસાવા, સુનિતા, દિપીકા અને આકૃતિ | સનશાઈન ગ્લોબલ હોસ્પીટલ, સુરત. |
| ૧૨ | ફીલ્ડ વર્ક કોઓર્ડીનેશન અને સુપરવિઝન ટ્રેનીંગ | ૩ દિવસ (૧૮ થી ૨૨ સપ્ટે.) | નિખીલ મહેતા, જયસિંહ, પ્રદીપ પટેલ, અજેન્દ્રસિંહ, યતીન મિસ્ત્રી | એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટી. પૂણે |
| ૧૩ | ઓ.ટી. પ્રોટોકોલ ટ્રેનીંગ | ૨ દિવસ (૨૯ થી ૩૦) | સુનિતા, સુધા અને આકૃતિ | શ્રોફ ચેરીટી આઈ હોસ્પીટલ દિલ્હી (વીઝન ૨૦૨૦) |
| ૧૪ | ઈક્વીપમેન્ટ મેઈન્ટેનન્સ ટ્રેનીંગ | ૨ દિવસ (૧૯ થી ૨૦) | મિલન પટેલ, અનિલ ચૌધરી | શંકર નેત્રાલય, ચેન્નાઈ (વીઝન ૨૦૨૦ |
| ૧૫ | રેટીના ઓનલાઈન કોર્ષ | ૧ વર્ષ (૭ નવેમ્બર ૨૨ થી) | ડૉ. કવિન શ્રોફ | એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટીટ્યુટ, હૈદ્રાબાદ |
| ૧૬ | ગ્લોકોમા ઓનલાઈન કોર્ષ | ૬ માસ (૭ નવેમ્બર ૨૨ થી) | ડૉ. માનસી કારીયા | એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટીટ્યુટ, હૈદ્રાબાદ |
| ૧૭ | કોમ્યુનિટી આઈ હેલ્થ ઓનલાઈન | ૩ માસ (૭ નવેમ્બર ૨૨ થી) | વિમલ પ્રજાપતિ, શિવાની સૂચલ | એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટીટ્યુટ, હૈદ્રાબાદ |
| ૧૮ | ICLEP | ૩ દિવસ | નિધિ પ્રજાપતિ, નિધિ ચૌધરી | એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટીટ્યુટ, હૈદ્રાબાદ |

આ વર્ષે કાકરાપાર અણુમથકના અધિકારીઓએ કાકરાપારની આજુબાજુના ગામના વિદ્યાર્થીઓને સ્પોન્સર કરવાના કરાર કર્યા અને આ વિદ્યાર્થીઓની તાલીમ ૧ લી ઓક્ટોબરથી શરૂ થઈ.

ઓએનજીસી હજીરા સાથે દિવ્યજ્યોતિ ટ્રસ્ટ શરૂઆતથી જ સંકળાયેલુ છે. આ વર્ષે ઓએનજીસી અધિકારીઓએ તેમની સીએસઆર એક્ટીવીટીના ભાગ રૂપે વિદ્યાર્થીઓની તાલીમ કરવા માટે કરાર કર્યા. તે મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરીને આ બેચના વિદ્યાર્થીઓની તાલીમ ૧ લી નવેમ્બરથી શરૂ થઈ

કુલ ૩૦ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. આગલી બેચના વિદ્યાર્થીઓને આ વર્ષે દરેક વીઝન સેન્ટર પર થીયરીની તાલીમ પત્યા બાદ છ મહિના પ્રેક્ટીકલ તાલીમ માટે મૂક્યા. હવે તેઓને ઈન્ટર્નશીપના ભાગ રૂપે સ્ટાઈપેન્ડ આપવાનું શરૂ કર્યુ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની તાલીમ પત્યા બાદ સર્ટીફીકેટ વિતરણ માટે ઉકા તરસાડીયા યુનિવર્સિટીના સેન્ટર ફોર હ્યુમેનીટીના વડા ડૉ. રોઝી પટેલ ૧૨/૬/૨૨ના રોજ માંડવી આવ્યા અને તેઓએ ખૂબ પ્રોત્સાહક વાતો કરી.

નવેમ્બર ૨૨ થી શોર્ટ ટર્મ મેઈન્ટેનન્સની તાલીમ શરૂ કરી છે, જે બહારના યુવાનોને આપવામાં આવશે.

બહારના ડૉક્ટરોની તાલીમ :-

| SICS : | | | | Phaco Surgery : | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | ડૉક્ટરનું નામ | મહિના | સ્થળ | ડૉક્ટરનું નામ | મહિના | સ્થળ |
| ૧ | ડૉ. જય રાણા | જુન - જૂલાઈ, ૨૨ | ભરૂચ | ડૉ. મયુરી ચિત્રે | એપ્રિલ,૨૨ | મુંબઈ |
| ૨ | ડૉ. દિવ્યાંગ પટેલ | જૂલાઈ ઓગસ્ટ, ૨૨ | અમદાવાદ | ડૉ. નિખીલ રૂપાલા | જૂન,૨૨ | રાજકોટ |
| ૩ | ડૉ. સમીક્ષા મોદી | નવે.-ડીસે., ૨૨ | ભોપાલ | ડૉ. આસિત દેસાઈ | જૂલાઈ,૨૨ | સુરત |
| ૪ | ડૉ. નકલંક મહેતા | જાન્યુ.-ફેબ્રુ, ૨૩ | ભોપાલ | ડૉ. ભાવનાબેન ગગલ | ઓગષ્ટ,૨૨ | સુરત |
| ૫ | ડૉ. નિખીલ થદાણી | માર્ચ-એપ્રિલ, ૨૩ | અંકલેશ્વર | ડૉ. દિવ્યાંગ પટેલ | સપ્ટેમ્બર,૨૨ | અમદાવાદ |
| | | | | ડૉ. દિપીકા પટેલ | ઓક્ટોબર,૨૨ | વલસાડ |
| | | | | ડૉ. વિશેષ અજમેરા | ડીસેમ્બર,૨૨ | અમદાવાદ |
| | | | | ડૉ. શ્રધ્ધા પટેલ | જાન્યુઆરી,૨૩ | સુરત |
| | | | | ડૉ. તૃપ્તિ ભેસાણીયા | માર્ચ,૨૩ | સુરત |

## શોર્ટ ટર્મ મેડીકલ રેટીના ફેલોશીપ

| ક્રમ | ડૉક્ટરનું નામ | મહિના | સ્થળ |
|---|---|---|---|
| ૧ | ડૉ.મમતા મીના | એપ્રિલ-મે-૨૨ | ઉદયપુર, રાજસ્થાન |
| ૨ | ડૉ. અક્ષય સહાયતા | ઓક્ટોબર-૨૨ | અમદાવાદ |
| ૩ | ડૉ. ધવલ શાહ | નવેમ્બર-૨૨ | વડોદરા |

## લોંગ ટર્મ ફેલોશીપ : કોમ્પ્રીહેન્સીવ ઓપ્થેલ્મોલોજી

(૧) ડૉ. મીત મશરૂ- જામનગર- જૂન ૨૨ થી નવેમ્બર ૨૩ (૧.૧/૨ વર્ષ)

(૨) ડૉ. મીતિ શાહ- સુરત- ઓક્ટોબર ૨૨ થી માર્ચ ૨૪ (૧.૧/૨ વર્ષ)

મુંબઈ, બુધરાની ફાઉન્ડેશનના કોઓર્ડીનેટર્સ ( ૨ વ્યક્તિ) ૧૦ દિવસ (૧૬ થી ૨૭ ઓગષ્ટ) - આઈ કેરના ઓરીયેન્ટેશન માટે માંડવી આવ્યા હતા.

## કન્સલ્ટન્સી - નેટવર્કીંગ - ઈવેલ્યુએશન

દર વર્ષની જેમ આ વર્ષ દરમિયાન ડૉ. ઉદયભાઈ જુદી જુદી સંસ્થાના મૂલ્યાંકન માટે, ક્લીનીકલ ઓડીટ અને ગાઈડન્સ માટે ગયા હતા, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | સંસ્થા/હોસ્પીટલનું નામ | કામગીરી | સ્પોન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૧૧-૧૨એપ્રિલ | નવભારત જાગૃતિ કેન્દ્ર, ગયા, બિહાર | ક્લીનીકલ ઓડીટ અનેCME | મીશન ફોર વીઝન |
| ૨ | ૨૩-૨૪ મે.૨૨ | ગોમાબાઈ નેત્રાલય, નીમચ, મધ્યપ્રદેશ | ક્લીનીકલ ઓડીટ | ગોમાબાઈ નેત્રાલય |
| ૩ | ૧-૨ ઓગસ્ટ | કેબીએચબી હોસ્પીટલ, મુંબઈ | ક્લીનીકલ ઓડીટ | મીશન ફોર વીઝન |
| ૪ | ૬-૮ ઓક્ટોબર | લાયન્સ આઈ હોસ્પીટલ, પરસીયા,મધ્યપ્રદેશ | ક્લીનીકલ ઓડીટ | સાઈટ સેવર્સ |
| ૫ | ૭-૮ નવેમ્બર | નેત્રજ્યોતિ સેવા મંદિરમ આઈ હોસ્પીટલ,વીરાયતન, બિહાર | ક્લીનીકલ અને એડમીનીસ્ટ્રેટીવ ઓડીટ | સાઈટ સેવર્સ |

## વર્કશોપ અને કોન્ફરન્સીસ

| ક્રમ | તારીખ | વિષય | સ્થળ | સ્ટાફનું નામ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૦-૪-૨૨ | સ્પેક્ટેકલ કોમ્પ્લાયન્સ સ્ટડી વેબીનાર | વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા | ડૉ. ઉદય ગજીવાળા | સ્પીકર તરીકે |
| ૨ | ૨ થી ૬ જૂન | ટેલીમેડીસીન મોડેલ ફોર રૂરલ એરીયા | ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજી કોન્ફરન્સ મુંબઈ | ડૉ. ઝલક શાહ | સ્પીકર તરીકે |
| ૩ | ૨ થી ૬ જૂન | કોવિડ-૧૯ ઈન્ફેકશન બાદ હોમોનીમસ હેમીએનોપીયા કેસ | ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજી કોન્ફરન્સ, મુંબઈ | ડૉ. ઉમા શ્રોફ | સ્પીકર તરીકે |
| ૪ | ૨ થી ૬ જૂન | સાઈમલટેનીયસ બાયલેટરલ CRVO ઈન યંગ પેશન્ટ | ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજી કોન્ફરન્સ મુંબઈ | ડૉ. કવિન શ્રોફ | સ્પીકર તરીકે |
| ૫ | ૨૧-૮-૨૨ | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | બરોડા ઓપ્થેલ્મીક સોસાયટી | ડૉ. ઉદય ગજીવાળા | સ્પીકર તરીકે |
| ૬ | ૩ થી ૪ સપ્ટે. | વિઝન ૨૦૨૦-વાર્ષિક કોન્ફરન્સ | વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા, સિલીગુડી-આસામ | ભાવેશ રાઠોડ, સાહિસ્તા | સહભાગી |
| ૭ | ૯-૯-૨૨ | એન્ટી ગ્લોકોમા વાલ્વ હેન્ડસ ઓન ટ્રેનીંગ | અમદાવાદ | ડૉ. માનસી કારીયા | સહભાગી |
| ૮ | ૨૪ સપ્ટે. | એજીઓસી | ગુજરાત ઓપ્થે. સોસાયટી, રાજકોટ | ડૉ. કવિન શ્રોફ<br>ડૉ. ઉમા શ્રોફ | ફેકલ્ટી |
| ૯ | ૭,૮, નવેમ્બર | ઓટી મેનેજમેન્ટ | વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા | આકૃતિ ચૌધરી, સુધા રાઠોડ | સહભાગી |
| ૧૦ | ૧૦,૧૧ ડીસે | કોલોકીયમ-કેટરેકટ વર્કશોપ | રઘુદીપ આઈ હોસ્પીટલ અમદાવાદ | ડૉ.ઉમા શ્રોફ, ડૉ. કવિન શ્રોફ<br>ડૉ. વિધિ પટેલ | સહભાગી |
| ૧૧ | ૨૪ ડીસેમ્બર | કન્સલ્ટેશન-ગુજરાત સ્ટેટ નેટવર્ક ફોર યુનિવર્સલ આઈ હેલ્થ | વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ગુજરાત ચેપ્ટર | ડૉ. ઉદય ગજીવાળા | ફેકલ્ટી |
| ૧૨ | ૨૧ જાન્યુ ૨૩ | યુનિવર્સલ આઈ હેલ્થ, પાર્ટનર સમીટ ઓફ મીશન ફોર વીઝન | મીશન ફોર વીઝન | ડૉ. ઉદય ગજીવાળા | પેનલીસ્ટ |

## પબ્લીકેશન્સ :

**૧. એક આર્ટીકલ - ''યુટીલીટી ઓફ નોન મીડીયાટ્રીક ફંડસ ફોટોગ્રાફી ઈન કોમ્યુનિટી બેઝડ સ્કીનીંગ ફોર ડાયાબિટીક રેટીનોપથી ઈન ઈન્ડિયા,'' એ વિષય પર બ્રીટીશ મેડીકલ જર્નલ ઓપન સોર્સમાં પ્રકાશિત થયો.**

**રીસર્ચ :**

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા માંડવી વિસ્તારમાં આંખની સારવારનું કામ છેલ્લા ૧૨ વર્ષથી થઈ રહ્યું છે જેમાં એકજ છત હેઠળ આંખના લગભગ બધા જ પ્રકારના રોગોની સારવાર ગરીબો માટે નિઃશુલ્ક અને અન્ય માટે વ્યાજબી દરે કરવામાં આવે છે. દરેક પ્રકારના આંખના રોગોના દર્દીઓ અહીં સારવાર માટે આવે છે. આંખના રોગોની સારવાર માટે વપરાતી દવા/ઈંજેકશન કે આઈ ડ્રોપ્સના અભ્યાસ માટે તક પણ છે અને સરકારી નિયમ મુજબ આ અભ્યાસની મંજૂરી મેળવવા એથીક્સ કમિટીની રચના કરવી, તેમજ જે તે દવાના અભ્યાસ માટે મંજૂરી મેળવવી આવશ્યક છે તે મુજબ હોસ્પીટલની એથીક્સ કમિટી કાર્યરત છે.

હોસ્પિટલમાં જુદી જુદી દવાના અભ્યાસનું કામ નીચે મુજબ કરવામાં આવ્યુ .

૧. ઝામરના રોગ માટે ઉપયોગી ટીમોલોલ બજારમાં છે તેની સમકક્ષ ફોર્સ્કોલીન આઈડ્રોપ્સના અભ્યાસ માટે તા. ૪/૧૦/૨૨ના રોજ એક્ષ્ટર્નલ ઓડીટ સુશ્રી સોનાલી કદમ દ્વારા કર્યું. ત્યારબાદ નિધી કેજરીવાલે તા.૧૦/૧૧ ના રોજ મોનીટરીંગ વિઝીટ કરી. ૩જી ફેબ્રુઆરીએ સાઈટ ક્લોઝ આઉટ વીઝીટ થઈ.
૨. પડદાના રોગની સારવાર માટે રાનીબીઝુમેબ અને ટેક્રોલીમસના અભ્યાસ માટે દર્દી નોંધાયા. આ અભ્યાસની સાઈટ મોનીટરીંગ વિઝીટ તારીખ ૭ મી અને ૧૦મી ફેબ્રુઆરીએ થઈ.
૩. સીટીઆરઆઈમાં એમ્બ્લાયોપીયા (આળસુ આંખ) માટે અભ્યાસની નોંધણી થઈ અને ૧૩ બાળકોને એનરોલ કર્યા.
૪. ડ્રાય આઈ સ્ટડી માટે ઓનલાઈન સાઈટ સીલેકશન ૨૩/૨/૨૩ના રોજ થયું.
૫. માયોપીયા સ્ટડી માટે ફીઝીકલ સાઈટ સીલેકશન વિઝીટ ૨૫/૩/૨૩ના રોજ થઈ.
૬. ડ્રાય આઈ સ્ટડી માટે એથીક્સ કમિટી સભ્યોની મિટીંગ ૨૭/૩/૨૩ ના રોજ થઈ.
૭. શાર્પેજ કંપનીના આઈઓએલ સ્ટડીમાં ૧૦૨૦ દર્દીઓને એન્રોલ કર્યા. હમણાં ફોલોઅપ ચાલે છે.
૮. ઓમ્ની કંપનીના મલ્ટી ફોક્લ અને ટોરીક આઈઓએલના સ્ટડીમાં અત્યાર સુધી અનુક્રમે ૯૭ અને ૭૭ દર્દીઓને એનરોલ કર્યા.

**આઉટરીચ એક્ટીવીટીઝ :**

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા માંડવી મુકામે બેઝ હોસ્પીટલ પર આંખના દર્દીઓની તપાસ અને સારવારનું કામ તો થાય જ છે, પરંતુ આ સિવાય પણ આજુબાજુના સમાજના વિવિધ સ્તરના લોકોને સેવાનો લાભ મળે તે માટે સ્કૂલ સ્ક્રીનીંગ, નવજાત શિશુની આંખના પડદાની તપાસ, કોલેજના વિદ્યાર્થીઓની તપાસ; ફીલ્ડ વર્કર્સ દ્વારા તેમજ અમારા વિદ્યાર્થીઓ દ્વારા ઘરે ઘરે ફરીને મોતિયાના દર્દીઓ શોધવા વિગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

શાળામાં જતા બાળકોના ચશ્માના નંબરની તપાસ સમયસર થઈ જાય અને ચશ્મા પહેરવાનું શરૂ કરે તો આંખની તકલીફ થતી નિવારી શકાય અને ચશ્મા ન પહેરવાને કારણે આવતુ અંધત્વ અટકાવી શકાય.

આ વર્ષ દરમિયાન શાળાકીય તપાસની વિગત નીચે મુજબ છે.

ક્રમ. ૧ : કુલ શાળા - ૩૧૯
ક્રમ. ૨ : કુલ વિદ્યાર્થી તપાસ- ૮૪૫૦ (પુરુષ) + ૮૫૬૫ (સ્ત્રી) = ૧૭૦૧૫
ક્રમ. ૩ : ચશ્મા પ્રીસ્ક્રાઈબ કર્યા - ૧૭૧ (પુરુષ) + ૧૯૬ (સ્ત્રી) = ૩૬૭
ક્રમ. ૪ : રીફર કર્યા - ૩૨૨ (પુરુષ) + ૩૭૬ (સ્ત્રી) = ૬૯૮
ક્રમ. ૫ : હોસ્પિટલમાં બતાવી ગયા - ૧૫૫ (પુરુષ) + ૧૭૪ (સ્ત્રી) = ૩૨૯
ક્રમ. ૬ : સર્જરીની સલાહ - ૧૮ (પુરુષ) + ૧૧ (સ્ત્રી) = ૨૯
ક્રમ. ૭ : સર્જરી - ૦૭ (પુરુષ) + ૦૧(સ્ત્રી) = ૦૮

ઉકા તરસાડીયા યુનિવર્સિટીના સ્થાપક પૈકી શ્રી ભીખુભાઈ ઉકાભાઈ પટેલના જન્મદિનની ઉજવણીના ભાગ રૂપે ૧૪/૧૦ના રોજ યુનિવર્સિટીના ૩૬૬ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી.

નેત્રંગ, વ્યારા અને બારડોલી વિસ્તારમાં આંખની તકલીફવાળા દર્દીઓને શોધીને તેમને માંડવી મોકલી શકાય તે માટે જાન્યુઆરી ૨૩ થી નવા ફીલ્ડ વર્કર્સની નિમણુંક કરી.

## રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી :

અધુરા માસે જન્મતા અથવા જન્મ સમયે ઓછા વજનવાળા બાળકોને કાચની પેટીમાં રાખવા પડે છે. આવા બાળકોની આંખના પડદાને લાંબાગાળે ખરાબ અસર થતી હોય છે, પરંતુ જો આ બાળકોની નિયમિત તપાસ કરવામાં આવે અને જો પડદામાં ખરાબી થતી જણાય તો તેની સારવાર કરવાથી આ બાળકને અંધ થતુ અટકાવી શકાય છે. આ સારવાર પણ સમાજને માટે અત્યંત ઉપયોગી છે જો કે આની જાગૃતતા ઘણી ઓછી છે, આથી આ પ્રોજેક્ટ જ્યારે મળ્યો ત્યારે તેને ખૂબ નિષ્ઠાથી અપનાવીને અમલમાં મૂક્યો.

આ પ્રોજેક્ટને ૧-૯-૨૨ થી શરૂ કર્યો. તેનું ઉદ્‌ઘાટન ૨૬-૯ના રોજ કર્યુ. ખાસ કરીને નવજાત બાળકોની હોસ્પિટલ, વ્યારા સિવીલ હોસ્પીટલ; મોદી ચીલ્ડ્રન હોસ્પીટલ- વ્યારા; ગ્રામસેવા ટ્રસ્ટ-ખારેલ; નવસારી સિવીલ હોસ્પીટલમાં નાના બાળકોના પડદાની તપાસ અને સારવારની કામગીરી કરી. આ બાળકોની સારવાર અંગે તેમના માતાપિતાને એ અંગે જાગૃત કરવા પણ જરૂરી હોય છે. તેથી આ વાલીઓની મિટીંગ કરી. દરેક સેન્ટર પર આરઓપી તપાસ અને વાલી મિટીંગની વિગત નીચે ટેબલમાં દર્શાવી છે.

| ક્રમ | સ્થળ | તારીખ | વિગત |
|---|---|---|---|
| ૧ | વ્યારા, કિલ્લોલ બાળકોની હોસ્પીટલ | ૭-૧૦-૨૨ | વાલી મિટીંગ |
| ૨ | ખારેલ, ગ્રામ સેવા ટ્રસ્ટ | ૧૫-૧૦-૨૨ | વાલી મિટીંગ |
| ૩ | નવસારી સિવીલ હોસ્પીટલ | ૧૭-૧૧-૨૨ | વાલી મિટીંગ |
| ૪ | બારડોલી, સરદાર સ્મારક હોસ્પીટલ | ૨૧-૧૧-૨૨ | વાલી મિટીંગ |
| ૫ | વ્યારા સિવીલ હોસ્પીટલ | ૩૦-૧૨-૨૨ | વાલી મિટીંગ |
| ૬ | નવસારી સિવીલ હોસ્પીટલ | ૧૯-૧-૨૩ | વાલી મિટીંગ |

દરેક સેન્ટર પર બાળકોની તપાસની આંકડાકિય માહિતી (૨૬-૯-૨૨ થી ૩૧-૩-૨૩)

| ક્રમ | સ્થળ | ઓપીડી | ROP+ve | એવાસ્ટીન | લેસર ટ્રીટમેન્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | નવસારી સિવીલ હોસ્પીટલ | ૧૧૦ | ૦૫ | ૦૨ | - |
| ૨ | ખારેલ ગ્રામ સેવા ટ્રસ્ટ | ૧૯૨ | ૦૨ | - | - |
| ૩ | ચીખલી સામુદાયિક આરોગ્ય કેન્દ્ર | ૨૮ | - | - | - |
| ૪ | બારડોલી સરદાર સ્મારક હોસ્પીટલ | ૧૧૮ | ૧૯ | ૨૦ | ૦૪ |
| ૫ | બારડોલી રાજવી હોસ્પીટલ | ૧૧ | - | - | - |
| ૬ | બારડોલી ક્રીશીવ હોસ્પીટલ | ૧૦ | - | - | - |
| ૭ | બારડોલી સ્નેહ હોસ્પીટલ | ૦૫ | - | - | - |
| ૮ | બારડોલી ઓમ હોસ્પીટલ | ૧૨ | - | - | - |
| ૯ | રાજપીપલા સા. આ. કેન્દ્ર | ૭૯ | ૦૨ | - | - |
| ૧૦ | વ્યારા કિલ્લોલ હોસ્પીટલ | ૩૬૯ | ૨૨ | ૧૬ | - |
| ૧૧ | વ્યારા સિવીલ હોસ્પીટલ | ૭૮ | ૦૨ | ૦૨ | ૦૮ |
| | કુલ | ૧૦૧૨ | ૫૨ | ૪૦ | ૧૨ |

## નિદાન કેમ્પ

કોવિડ-૧૯ મહામારી બાદ દરેક વીઝન સેન્ટર તેમજ સેટેલાઈટ સેન્ટર પર દર્દીઓ ભેગા કરીને ચોક્કસ દિવસ નક્કી કરીને વાહન વ્યવસ્થા ગોઠવીને દર્દીઓને માંડવી લાવીને કામગીરી કરી. દર્દીઓને ઘરે ઘરે ફરીને શોધવા માટે ફીલ્ડ વર્કર્સની નિમણુંક કરી.

જૂન ૨૦૨૨થી કેમ્પ ફરીથી શરૂ થયા અને દર ગુરુવાર તેમજ રવિવારે કેમ્પની કામગીરી નિયમિત રીતે કરવા માંડી. વર્ષ દરમિયાન કુલ કેમ્પ-૯૯ થયા જેમાં ૧૨૧૭૫ દર્દીઓની તપાસ થઈ અને તેમાંથી મોતિયા માટે ૨૦૨૭ દર્દીઓ રીફર થયા. કુલ ઓપરેશન ૧૧૦૩ થયા. કેમ્પમાં ૪૬૩૦ દર્દીઓને ચશ્મા આપ્યા અને ૮૮૦ દર્દીઓને ઓર્ડર પ્રમાણે ચશ્મા આપ્યા. ૭૯૮ દર્દીઓને દવા-ટીપા આપ્યા તેમજ કાકરાપાર અણુમથક દ્વારા દર વર્ષે જે મેગા કેમ્પ થાય તેમાં આ વર્ષે કેમ્પનું આયોજન નહોતુ કર્યુ પરંતુ વિદ્યાર્થીઓએ કાકરાપારના આજુબાજુના ગામોમાં ઘરે ઘરે ફરીને દર્દીઓ શોધીને રીફર કર્યા. જુલાઈ-ઓગસ્ટમાં ૧૦૦ અને માર્ચમાં ૫૦ મળી કુલ ૧૫૦ દર્દીઓના ઓપરેશન થયા.

## અનાથ દીકરી અંધ થતાં બચી

ઝઘડિયા ગામની નાનકડી દિકરી વિધી (નામ બદલ્યું છે) હાલ ૧૦ વર્ષની છે. પરંતુ તેણીએ બાળપણમાં જ માતા-પિતા ગુમાવ્યા હતા. તેથી તેના માસી માસા તેની સંભાળ રાખે છે. તે નાની હતી ત્યારથી જ માથુ નીચું રાખીને ફર્યા કરતી અને કોઈ સાથે ખાસ હસતી બોલતી નહોતી. તેણીને ૨૦૧૯માં તેના માસી-માસા (વાલી) ઝઘડીયા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર આંખોની તપાસ કરાવવા લઈ ગયા. ત્યાં ડૉક્ટરે તપાસ કર્યા બાદ તેમને સમજાવ્યું કે આ બાળકીને બાળકોના આંખના ડૉકટરને બતાવવી પડશે. જે તમને માંડવી મળશે.

ડૉક્ટરની સલાહ મુજબ તેઓ માંડવી આવ્યા અને ડૉક્ટરે તપાસીને જણાવ્યું કે વિધીને બાળપણથી જ બન્ને આંખમાં મોતિયા છે તેથી તેણીને દાખલ રાખીને ૮/૭/૧૯ ના રોજ જમણી આંખનું ઓપરેશન કર્યું અને લેન્સ નહોતો બેસાડ્યો. પછી ફરી બોલાવવામાં આવ્યા પરંતુ કોઈક કારણસર તેઓ આવી શક્યા નહીં. ત્યારબાદ કોરોના કાળમાં બીજા ત્રણ વર્ષ વીતી ગયા. આખરે તેઓ ૧ લી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ફરી માંડવી આવ્યા. ૨ તારીખે તેમને જમણી આંખમાં લેન્સ બેસાડી આપ્યો અને બીજા દિવસે રજા આપીને મહિના પછી ફરી બોલાવ્યા.

તેઓ ૨૩/૨/૨૩ ના રોજ આવ્યા અને ડાબી આંખનું ઓપરેશન કરાવ્યુ ત્યાર બાદ પડદાનું ઓપરેશન પણ કરવું પડ્યું. આમ બે મોટા ઓપરેશનો પછી હવે તેને દેખાતું થયું છે. તેના જીવનમાં હસી-ખુશી આવ્યા છે. હવે તે અભ્યાસ કરશે અને ખેલ-કૂદ તથા અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેશે.

નાનકડી દિકરીએ માતા-પિતા તો ગુમાવ્યા જ છે પરંતુ તેની આંખ બચાવી શકાઈ અને તેને અંધત્વમાંથી ઉગારી શકાઈ. તેણીના માસા કહે છે કે જો અહીં તેને યોગ્ય સારવાર ના મળી હોત તો આ દિકરી અંધ થઈ જાત. જે તેના જીવનમાં મુશ્કેલીઓનો પહાડ સર્જી શકતે. પરંતુ તેને દ્રષ્ટિ મળવાને કારણે તેનું જીવન સુધરી ગયુ છે. તેણી હવે તંદુરસ્ત, સ્વતંત્ર જીવન જીવશે અને આગળ વધશે. તેઓ હોસ્પીટલના સ્ટાફ માટે જણાવે છે કે માંડવીના ડૉક્ટર્સ ભગવાન નથી પણ ભગવાન જેવા છે અને હોસ્પીટલનો સ્ટાફ જેમણે અમારી દિકરીની પોતાની દિકરી માનીને સેવા કરી છે તેઓને ભગવાન હંમેશા ખુશ રાખે અને વર્ષોના વર્ષો આવી પ્રવૃત્તિ કરતા રહે.

## સેટેલાઈટ સેન્ટર્સ અને વિઝન સેન્ટર્સ :

વ્યારા સેટેલાઈટ સેન્ટર પર ડૉ. ધ્રુવીબેન ચાંપાનેરીયા તારીખ ૧૬-૫-૨૨ થી ફુલ ટાઈમ હાજર રહીને દર્દીઓની સારવારની કામગીરી સંભાળે છે. ત્યાં કામગીરી વધી રહી છે.

નેત્રંગમાં સૌથી વધુ દર્દીઓની ઓપીડી નોંધાઈ છે. જે ટેબલમાં દર્શાવેલ આંકડાકીય માહિતીમાં જોઈ શકાશે.

ઝંખવાવ આરોગ્ય કેન્દ્ર પર ઓપરેશન થીયેટરનું રીપેરીંગ કામ વારંવાર રજૂઆત કરવા છતાં ન થયું હોવાથી દર્દીઓને માંડવી રીફર કરવામાં આવે છે.

બારડોલી વિઝન સેન્ટર પર ચશ્મા ફીટીંગના સાધનો દિવાળીબેન ઉકાભાઈ પટેલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યા છે અને ચશ્મા ફીટીંગની કામગીરી થઈ રહી છે.

કીમ વીઝન સેન્ટર પર નવા સ્ટાફની નિમણૂક કરીને તેમને ચશ્મા ફીટીંગની તાલીમ આપીને મોકલ્યા.

ઉમરપાડા વીઝન સેન્ટર પર કોઓર્ડીનેટરની નિમણૂક કરી. ત્યાં પણ કામગીરી ગત વર્ષ કરતાં વધી છે. ટેલીમેડીસીનથી દર્દીઓ બતાવવાની સંખ્યા પણ વધી છે.

કોસંબા વીઝન સેન્ટરના સ્ટાફે રાજીનામુ આપ્યુ હોવાથી તે જાય તે પહેલાં બીજા સ્ટાફને તાલીમ આપવા મૂક્યા છે એટલે થોડો સમય ત્યાં ૨ સ્ટાફ હતા.

ડીસેમ્બર ૨૦૨૨ થી વીઝન સેન્ટર પર ઓપ્થેલ્મોલોજીસ્ટ, ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, મેઈન્ટેનન્સ સ્ટાફ અને સફાઈ સ્ટાફને મૂલાકાતે મોકલવાનું શરૂ કર્યુ.

ટેલીમેડીસીનથી વર્ષ દરમિયાન કુલ ૧૬૧૨૫ દર્દીઓની તપાસ થઈ.

વિઝન સેન્ટર્સ અને સેટેલાઈટ સેન્ટર્સ પરની કામગીરી ટેબલ નં ૭ માં દર્શાવી છે.

### ટેબલ નં- ૭ વીઝન સેન્ટર અને સેટેલાઈટ સેન્ટરની કામગીરીની આંકડાકીય માહિતી (૨૦૨૨-૨૩)

| સેટેલાઈટ સેન્ટર | કુલ ઓપીડી | રીફ્રેક્શન | ઓપરેશનની સલાહ આપેલ દર્દી | તૈયાર ચશ્મા | ચશ્માના ઓર્ડર | દવાનું વેચાણ | માંડવી રીફર કર્યા | ઓપરેશન | ટેલીમેડીસીન થી દર્દી બતાવ્યા | ગોગલ્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ્યારા | ૬૭૧૯ | ૧૯૯૪ | ૫૧૯ | ૨૧૭ | ૭૪૧ | ૩૫૯૦ | ૫૮૯ | ૪૭૭ | ૪૪૬ | ૦૩ |
| નેત્રંગ | ૭૭૫૪ | ૨૪૬૦ | ૬૨૪ | ૧૫૬૦ | ૭૦૮ | ૪૩૭૫ | ૬૫૭ | ૩૯૪ | ૬૭૪ | ૧૧ |
| ઝંખવાવ | ૨૦૪૫ | ૧૦૦૪ | ૨૨૪ | ૬૯ | ૩૧૯ | ૬૮૦ | ૩૫૬ | ૯૦ | ૧૬૪૭ | ૦૬ |
